જા.નં.મા-૪/ગ્રા.એ-૨૦૨૩-૨૪/૨૦૨૬/ 11883

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
તા.31/૦૮/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત ગ્રામ્યની શાળાઓ(કામરેજ,બારડોલી, પલસાણા,માંડવી,મહુવા,માંગરોલ,ઉમરપાડા, અરેઠ,અંબિકા)
ગ્રાન્ટેડ માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ,
સુરત, જિ.સુરત.

**<u>વિષય –</u>** વર્ષ-૨૦૨૩-૨૪ ના ગ્રાંટ એસેસમેન્ટ રીપોર્ટ બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સુરત ગ્રામ્યની ગ્રાન્ટેડ માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને અગાઉ વર્ષ-૨૦૨૩-૨૪નું ગ્રાંટ એસેસમેન્ટ કરાવી લેવા જણાવેલ, તે પૈકી સુરત ગ્રામ્યની શાળાઓનું ગ્રાંટ એસેસમેન્ટ થઇ ગયેલ છે તે **<u>શાળાઓએ ઓડીટ રીપોર્ટ મેમો તા.૦૧/૦૯/૨૦૨૬ને મંગળવાર થી તા.૦૩/૦૯/૨૦૨૬ને ગુરુવાર સુધીમાં સુરત ગ્રામ્યની શાળાઓ (કામરેજ, બારડોલી, પલસાણા, માંડવી, મહુવા, માંગરોલ, ઉમરપાડા, અરેઠ, અંબિકા) અત્રેની કચેરીએથી મા-૪ શાખામાંથી રૂબરૂ મેળવી લેવાના રહેશે.</u>**

તેમજ **<u>ઓડીટ રીપોર્ટમાં તમામ માહિતી વ્યવસ્થિત ચેક કરી ઓડીટ રીપોર્ટ ફોરવર્ડિંગ લેટર સાથે બે નકલમાં તા.૦૩/૦૯/૨૦૨૬ને ગુરુવાર સુધીમાં સુરત ગ્રામ્યની શાળાઓએ</u>**( કામરેજ, બારડોલી, પલસાણા, માંડવી, મહુવા, માંગરોલ, ઉમરપાડા, અરેઠ, અંબિકા) ફાઈનલ ઓડીટ રીપોર્ટ મેમો જમાં કરાવવાનો રહેશે. ગ્રાંટ એસેસમેન્ટ રીપોર્ટમાં જો કોઈ પણ ભૂલ જણાય તો હિસાબી અધિકારીશ્રીની સહી કરાવ્યા પહેલા જ જણાવી દેવું ત્યાર બાદ ગ્રાંટ એસેસમેન્ટ રીપોર્ટમાં કોઈ પણ સુધારો થઇ શકશે નહી જે બાબતે ખાસ ધ્યાન રાખવા જણાવવામાં આવે છે. જે શાળાઓનું વર્ષ-૨૦૨૩-૨૪નું ગ્રાંટ એસેસમેન્ટ કરાવેલ નથી તે શાળાઓને વર્ષ-૨૦૨૬-૨૭માં ગ્રાંટ હપ્તો મળવાપાત્ર થશે નહી. જે શાળાની ઓડીટ ફાઈલ કે ગ્રાન્ટ મેમો ન મળે તેવી શાળાઓએ સંબધિત ઓડીટ ટીમના કર્મચારીશ્રીનો સંપર્ક કરવાનો રહેશે. ઓડીટ કરનાર કર્મચારી જે પૂર્તતા કરવા જણાવે તે મુજબ સત્વરે પૂર્તતા કરી **<u>તા.૦૩/૦૯/૨૦૨૬</u>** સુધીમાં ઓડીટ ફાઈલ મા-૪ શાખામાં રૂબરૂ જમા કરાવવાની રહેશે.

બીડાણ – ફોરવર્ડિંગ લેટર

હિસાબી અધિકારી(વર્ગ-૨)
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત,જિ.સુરત

સ્ટેટ આઈ.ડી. નં..................

જા.નં.મા-૪/ગ્રા.એ-૨૦૨૩-૨૪/૨૦૨૬/

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,

એ/૩, જિલ્લા સેવા સદન-૨,

અઠવાલાઈન્સ, સુરત.

તા.   /   /૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

..........................................................................................

..........................................................................................

વિષય – વર્ષ- ૨૦૨૩-૨૪ ના ગ્રાંટ એસેસમેન્ટ મોકલવા બાબત

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે આપની શાળાનું વર્ષ- ૨૦૨૩-૨૪ નું હિસાબી નિરીક્ષણ કરવામાં આવેલ છે. મે.કમિશ્નર, શાળાઓની કચેરી, ગાંધીનગર, ગુ.રા.ની વખતો વખતની સૂચના મુજબ આપના દ્વારા ડેટા એન્ટ્રીની ચકાસણી થયા બાદ ગ્રાંટ એસેસમેન્ટ મેમો આ સાથે સામેલ રાખી મોકલવામાં આવે છે. અને સાથો સાથ ઉક્ત મેમોની વિગતો મે.ક.મિ.શાળાઓની કચેરીની ઓડીટ શાખાને પણ મોકલવામાં આવે છે.

અગાઉની સુચનાઓ યથાવત છે અને ગ્રાંટ ગણતરી મેમો સંચાલક મંડળને ધ્યાને લાવવો તથા રેકર્ડ ઉપર સહી મેળવી લેવી.

હિસાબી અધિકારી (વર્ગ-૨)
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત, જિ.સુરત